# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જાહેરાત ક્રમાંક–૦૧/૨૦૨૬–૨૭ અધિક મદદનીશ ઈજનેર(ઈલેક્ટ્રીકલ)

### પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ કમ ડોક્યુમેન્ટ વેરીફીકેશન લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ડોક્યુમેન્ટ અપલોડ કરવા અંગેની સૂચનાઓ

જા.ક્ર.૦૧/૨૦૨૬–૨૭ અધિક મદદનીશ ઈજનેર(ઈલેક્ટ્રીકલ) સંવર્ગની CBRT (Computer Based Response Test) પધ્ધતિથી MCQ (Multiple Choice Questions) પ્રકારના હેતુલક્ષી પ્રશ્નોવાળી સ્પર્ધાત્મક પરીક્ષા તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ યોજવામાં આવેલ હતી. જેનું પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ કમ ડોક્યુમેન્ટ વેરીફીકેશન લીસ્ટ તા.૧૫/૧૦/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં સમાવિષ્ટ કુલ ૪૦૪ ઉમેદવારોના અસલ દસ્તાવેજોની ચકાસણી (ડોકયુમેન્ટ વેરીફીકેશન) ઓનલાઈન કરવા મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ હોઈ, આ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ કમ ડોક્યુમેન્ટ વેરીફીકેશન લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ પોતાના અસલ ડોક્યુમેન્ટ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. જે અંગે નીચે મુજબની વિગતવાર સૂચનાઓ ધ્યાને લેવા સંબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે:–

| | |
|---|---|
| જાહેરાત ક્રમાંક | જાહેરાત ક્રમાંક:૦૧/૨૦૨૬–૨૭ |
| જાહેરાતનું નામ | અધિક મદદનીશ ઈજનેર (ઈલેક્ટ્રીકલ) |
| દસ્તાવેજો/પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની લીંક | https://iass.gujarat.gov.in/ |
| દસ્તાવેજો/પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની શરૂ થવાની તારીખ અને સમય | **તા. ૨૭/૧૦/૨૦૨૬<br>સમય:– ૧૭:૦૦ કલાકે** |
| દસ્તાવેજો/પ્રમાણપત્રો અપલોડ કરવા માટેની અંતિમ તારીખ | **તા. ૧૫/૧૧/૨૦૨૬<br>સમય:– ૨૩:૫૯ કલાકે** |

## ડોક્યુમેન્ટ ઓનલાઈન અપલોડ કરવા માટે ઉમેદવારોએ ધ્યાને લેવાની સામાન્ય સૂચનાઓ:–

(૧) સૌપ્રથમ ઉમેદવારોએ https://iass.gujarat.gov.in/ વેબસાઈટ ઉપર જઈને જાહેરાત ક્રમાંક પસંદ કરી પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખીને લોગ ઈન થવાનું રહેશે.

(૨) પ્રમાણપત્રો અપલોડ કરતાં પહેલા સ્ક્રીન પર આ અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચીને તેને અનુસરીને, ઉમેદવારોએ પેરા–૧૦ માં જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો સ્કેન કરીને નિયત સમયમર્યાદામાં અપલોડ કરવાના રહેશે અને પ્રમાણપત્રો અપલોડ થયા બાદ SUBMIT બટન દબાવી સબમીટ કરવાના રહેશે. આ સિવાયના અન્ય કોઈપણ માધ્યમથી (ટપાલ/રૂબરૂ/ઈ–મેઈલ વિગેરે) પ્રમાણપત્રો મોકલી શકાશે નહીં. અન્ય માધ્યમ (ટપાલ/રૂબરૂ/ઈ–મેઈલ)થી મોકલેલ પ્રમાણપત્રો મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં, તેની ખાસ નોંધ લેવી.

(૨.૧) અપલોડ કરવા માટે દરેક સ્કેન ડોક્યુમેન્ટની મહત્તમ સાઈઝ 2MB રાખવાની રહેશે. જે મુજબ જ ડોક્યુમેન્ટની PDF/JPG/JPEG/PNG ફાઈલ અપલોડ કરી શકાશે.

(૩) ઉમેદવારે લાગુ પડતા પોતાના તમામ ડોકયુમેન્ટ વ્યવસ્થિત રીતે સ્કેન કરીને, સુવાચ્યરીતે અસલ પ્રમાણપત્રો (કલર કોપીમાં) અપલોડ કરી ફરજીયાત "SUBMIT" કરવાના રહેશે. લાલ ફુદડી (*) કરેલ



Downloaded from websankul.com

વિગતોમાં ઉમેદવારોએ ફરજીયાત જે-તે પ્રમાણપત્ર અપલોડ કરવાના રહેશે. અન્યથા ડોક્યુમેન્ટસ સબમિટ થઈ શકશે નહીં.

નોંધ:- ડોક્યુમેન્ટ ઓનલાઇન અપલોડ કર્યા બાદ "SUBMIT" નહિ કર્યેથી તેવા ઉમેદવાર આપોઆપ "ગેરલાયક" ઠરશે.

(૪) આ સિવાય ઉમેદવારો જો કોઇ જરૂરી અન્ય પ્રમાણપત્ર કે વિગત અપલોડ કરવા માંગતા હોય તો તે ''અધર્સ ડોકયુમેન્ટસ'' નામના મેનુંમાં તમામ અસલ પ્રમાણપત્રો/ દસ્તાવેજોની એક જ પીડીએફ ફાઇલ અપલોડ કરવાની રહેશે.

(૫) ઉમેદવારોએ અપલોડ કરેલ ડોકયુમેન્ટસના વેરીફીકેશન સમયે મંડળને જો કોઇ વાંધો/કવેરી જણાશે તો તે અંગે ઉમેદવારોને જરૂરી પૂર્તતા કરવા માટે ઉમેદવારના રજીસ્ટર્ડ ઈ-મેઈલના માધ્યમથી જાણ કરવામાં આવશે. આ માટે ઉમેદવારોએ પોતાના રજીસ્ટર્ડ ઇ-મેઇલ (અરજી સમયે આપેલ હોય તે) સતત ચકાસતાં રહેવા જણાવવામાં આવે છે.

(૬) ઉમેદવારે પોતાના અસલ પ્રમાણપત્રોની ફાઇલ ઓનલાઈન પોર્ટલ પર જ ઉકત સમયમર્યાદામાં અચુક અપલોડ કરવાની રહેશે. પ્રમાણપત્ર અપલોડ કરવાનો નિશ્ચિત થયેલ સમયગાળો પૂર્ણ થયા બાદ કોઈપણ ઉમેદવારના પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં કે વધારાનો સમયગાળો મળવાપાત્ર થશે નહીં. ફીજીકલ કે રૂબરૂમાં કે ઈ-મેઇલ કે અન્ય કોઈપણ માધ્યમથી પણ પ્રમાણપત્રો સ્વીકારવામાં આવશે નહીં.

(૭) નિયત સમયમર્યાદામાં પ્રમાણપત્રો અપલોડ ન કરવાના કારણોસર ઉમેદવારને સદર જાહેરાત અન્વયેની સીધી ભરતી માટે ''ગેરલાયક'' ગણવામાં આવશે. ત્યારબાદ સદર ઉમેદવારોનો આ જાહેરાતની જગ્યાઓ ઉપર પસંદગી માટે કોઇ કાયદેસરનો હક્ક રહેશે નહી. જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૮) ઉમેદવારોએ https://gpssb.gujarat.gov.in વેબસાઈટ ઉપર ડાઉનલોડ મેનુ માંથી ''એટેસ્ટેશન ફોર્મ'' ડાઉનલોડ કરી તેમાં તમામ જરૂરી સંબંધિત ખરી વિગતો ભરી, ઉમેદવારના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવાનું રહેશે. ત્યારબાદ વિગતો ભરેલ ''એટેસ્ટેશન ફોર્મ'' અસલમાં સ્કેન કરીને તેની PDF/JPG/JPEG/PNG (મહત્તમ સાઈઝ 2MB ) અપલોડ કરવાની રહેશે.

નોંધ:- એટેસ્ટેશન ફોર્મની તમામ કોલમમાં સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે, લાગુ પડતું ન હોય તેવા કિસ્સામાં "Not Applicable" દર્શાવવાનું રહેશે.

(૯) એકવાર ડોકયુમેન્ટ સબમીટ થયા બાદ તેમાં કોઇ ફેરફાર થઇ શકશે નહીં. જેથી ઉમેદવારોએ અસલમાં ડોકયુમેન્ટ અપલોડ કરતી વખતે ખાસ કાળજી લેવા જણાવવામાં આવે છે.

(૯.૧) ઉમેદવારોએ પોતાને લાગુ પડતા અને જાહેરાતની જોગવાઈઓ મુજબ સમયમર્યાદા દરમ્યાન માન્ય હોય તેવા અસલ પ્રમાણપત્રોની કલર કોપીની PDF/JPG/JPEG/PNG ફાઇલ અપલોડ કરવાની રહેશે.

(૧૦) ઉમેદવારોએ અપલોડ કરવાના આધાર પુરાવાઓ:-

| ક્રમ | વિગત | જરૂરી આધાર પુરાવાની વિગતો |
|---|---|---|
| ૧ | વય (ઉંમર) અંગેના આધાર પુરાવા<br>(કોઈ પણ એક)<br>(ફરજીયાત) * | ૧. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (SLC)<br>૨. સક્ષમ અધિકારીનું જન્મનું પ્રમાણપત્ર<br>૩. SSC ક્રેડીટ સર્ટીફીકેટ |



Downloaded from websankul.com

| | | |
|---|---|---|
| ૨ | શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્ર (ફરજીયાત) * | Diploma in Electrical Engineering અથવા તેને સમકક્ષ (equivalent) શૈક્ષણિક લાયકાતનું સર્ટીફીકેટ (ભરતી નિયમોની જોગવાઇ મુજબ) |
| ૩ | શૈક્ષણિક લાયકાત અંગેના તમામ વર્ષ/તમામ સેમેસ્ટરની માર્કશીટ (ફરજીયાત) * | ઉક્ત શૈક્ષણિક લાયકાત અંગેના તમામ વર્ષ/તમામ સેમેસ્ટરની માર્કશીટ |
| ૪ | ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ (જો કરેલ હોય તો ) માર્કશીટ | ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ની (જો કરેલ હોય તો ) માર્કશીટ |
| ૫ | જાતિ પ્રમાણપત્ર (ફરજીયાત) * | |
| ૫.૧ | SC/ST/SEBC ઉમેદવારો માટે (SC/ST/SEBC ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. સક્ષમ અધિકારી દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ ઉમેદવારનું અનુ.જાતિ/ અનુ.જનજાતિ/સા.શૈ. રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર |
| ૫.૨ | SEBC ઉમેદવારો માટે (SEBC ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. સક્ષમ અધિકારી દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ ઉમેદવારનું નોન–ક્રીમિલેયર સર્ટીફીકેટ (NCLC) (જાહેરાતની જોગવાઇ મુજબ તથા ઉમેદવારે ઓનલાઇન અરજીમાં દર્શાવ્યા મુજબનું)<br>૨. નિયત નમૂનામાં બાહેંધરી પત્રક (સાદા કાગળ ઉપર) (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક–શસપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અની જોગવાઇ મુજબ) (નમૂનો મંડળની વેબસાઈટ ઉપર ''ડાઉનલોડ'' મેનુમાં ઉપલબ્ધ છે.) |
| ૫.૩ | EWS ઉમેદવારો માટે (EWS ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. સક્ષમ અધિકારીનું નિયત નમૂનામાં (અંગ્રેજીમાં એનેક્ષર–KH અથવા ગુજરાતીમાં પરીશિષ્ટ–ગ) ''આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર'' (જાહેરાતની જોગવાઇ મુજબ તથા ઉમેદવારે ઓનલાઇન અરજીમાં દર્શાવ્યા મુજબનું)<br>૨. નિયત નમૂનામાં બાહેંધરી પત્રક (સાદા કાગળ ઉપર) (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક–ઇડબ્લ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અની જોગવાઇ મુજબ)<br>(નમૂનો મંડળની વેબસાઈટ ઉપર ''ડાઉનલોડ'' મેનુમાં ઉપલબ્ધ છે.) |



Downloaded from websankul.com

| | | |
|---|---|---|
| ૬ | દિવ્યાંગતા પ્રમાણપત્ર (દિવ્યાંગ ઉમેદવારો માટે ફરજિયાત) * | શારીરિક અશકતતા (દિવ્યાંગ ઉમેદવાર હોવા) અંગેનું નિયત માન્ય દિવ્યાંગતા પ્રમાણપત્ર. |
| ૭ | Unique Disabilities ID Card (દિવ્યાંગ ઉમેદવારો માટે ફરજિયાત) * | UDID કાર્ડ |
| ૮ | વિધવા ઉમેદવારો માટે (ઓનલાઈન અરજીમાં ''વિધવા'' અંગેના કોલમમાં ''YES'' લખનાર ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. વિધવા હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર<br>૨. પુન: લગ્ન ન કર્યા અંગેનું તાજેતરનુ સોગંદનામું |
| ૯ | રમત ગમતના ઉમેદવારો માટે (ઓનલાઈન અરજીમાં ''રમત ગમત'' અંગેના કોલમમાં ''YES'' લખનાર ઉમેદવારો માટે ફરજીયાત) * | ૧. રમતગમતનું નિયત પ્રમાણપત્ર<br>૨.સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ તથા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૦૯૯/યુઓ/ ૪૧૧૦/ગ-૨ તા.૧૮-૪-૨૦૦૧ તેમજ આ અંગેના વખતો વખતના સરકારશ્રીના ઠરાવોની જોગવાઇ મુજબ નિયત કર્યા મુજબના સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલ નિયત નમૂના મુજબનું લાગું પડતું ફોર્મ (ફોર્મ-૧,૨,૩ અને ૪) |
| ૧૦ | માજી સૈનિક (Ex-Servicemen) ઉમેદવારો માટે (ફરજીયાત) * | ૧. નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુન: વસવાટ ગુજરાત રાજ્યની જે તે જિલ્લાની પ્રાદેશિક કચેરીના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર/ ઓળખપત્ર<br>૨. સેવામાંથી ડિસ્ચાર્જ કર્યા અંગેની બુકલેટ<br>૩. "The Armed Forces of the Union of India" ની સેવામાંથી મળેલ નિવૃતિ ઓર્ડર અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" (નિયામક સૈનિક કલ્યાણ/જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે) |
| ૧૧ | કોમ્પ્યુટર જ્ઞાન અંગે (ફરજીયાત) * | સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટરની |



Downloaded from **websankul.com**

| | | |
|---|---|---|
| | | બેઝીક જાણકારી અંગેના સરકાર દ્વારા નિયત કરેલ કોર્ષના ઉલ્લેખ સાથેનું માન્ય પ્રમાણપત્ર |
| ૧૨ | એટેસ્ટેશન ફોર્મ (ફરજીયાત) * | https://gpssb.gujarat.gov.in વેબસાઈટ પરથી ‘‘એટેસ્ટેશન ફોર્મ’’ ડાઉનલોડ કરી, જરૂરી સંબંધિત તમામ કોલમોની ખરી વિગતો ભરી, ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરી, વિગતો ભરેલ ‘‘એટેસ્ટેશન ફોર્મ’’ |
| ૧૩ | નામમાં વિસંગતતા હોય તો (લાગુ પડતું હોય તેવા ઉમેદવારો માટે ફરજીયાત) * | (૧) મહિલા ઉમેદવારો જો પરિણીત હોય અને અરજીપત્રક અને પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્ર અથવા તે અંગેનું સોગંદનામું (૨) અન્ય ઉમેદવારો માટે માત્ર સોગંદનામું (એફીડેવીટ) |
| ૧૪ | સરકારી સેવામાં ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારો માટે | કચેરી/ખાતાનું નોકરી જોડાયા તારીખ/સમયગાળાનું પ્રમાણપત્ર તથા ના–વાંધા પ્રમાણપત્ર (NOC) |
| ૧૫ | અધર્સ ડોક્યુમેન્ટ | આ સિવાય ઉમેદવાર જો કોઇ જરૂરી અન્ય પ્રમાણપત્ર કે વિગત અપલોડ કરવા માંગતા હોય તો તે “અધર્સ ડોક્યુમેન્ટસ” નામના મેનુમાં તમામ અસલ પ્રમાણપત્રો/દસ્તાવેજોની એક જ પીડીએફ ફાઇલ અપલોડ કરવી. |

**નોંધ:–**

(૧) ઉપરોક્ત તમામ ડોક્યુમેન્ટસ ફરજીયાતપણે અસલમાં જ સ્કેન (PDF/JPG/JPEG/PNG) કરીને અપલોડ કરવાના રહેશે. Xerox કે પ્રમાણિત નકલની સ્કેન કોપી માન્ય ગણવામાં આવશે નહીં. ડોક્યુમેન્ટ્સ અપલોડ કર્યા બાદ ફરજીયાત “SUBMIT” કરવાના રહેશે.

(૨) જો કોઇ ઉમેદવાર સદર પ્રમાણપત્રો ખોટા/ચેડા કરીને અપલોડ કરશે તો તેવા ઉમેદવાર સામે Information Technology Act, 2000 તથા સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોની જોગવાઇ મુજબ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની સર્વે ઉમેદવારોને નોંધ લેવા ખાસ જણાવવામાં આવે છે.

‘‘મંડળના આદેશાનુસાર’’

તા.૨૭/૧૦/૨૦૨૬

સ્થળ: ગાંધીનગર

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

ગાંધીનગર



Downloaded from websankul.com